# ગ્રામીણ મહિલાઓના આર્થિક વિકાસના એક સાધન તરીકે સ્વસહાય જુથોનો અભ્યાસ: વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાનાં તિસકરી-તલાટ ગામનાં સંદર્ભમાં


**ધોડી હિરલબેન દિપકભાઈ**

**Ph.D. સંશોધનાર્થી,**

**Veer Narmad South Gujarat University, Surat**

**સલવાવ, વાપી. 396191**

**મો.ન. 7874026915,**

**Email: hirald12395@gmail.com**

**&**

**ડૉ. હેમાલીબેન દેસાઇ**

**Principal,**

**રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, વાપી**

**રોફેલ કેમ્પસ નામધા રોડ, વાપી. 396191**

**મો.ન. 9825325654**

## સારાંશ

વર્તમાન અભ્યાસ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તિસકરી-તલાટ ગામનાં સંદર્ભમાં કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં ધરમપુર તાલુકાની શિક્ષિત અને અશિક્ષિત મહિલાઓ સ્વ-સહાય જૂથો (SHGs) દ્વારા સામાજિક અને આર્થિક રીતે સશક્ત બની રહી છે અને તેઓ વ્યક્તિગત રીતે સહાય પૂરી પાડે છે. સ્વ-સહાય જૂથો (SHGs) ગ્રામીણ ગરીબ ખાસ કરીને મહિલાઓને બચત, ધિરાણ અને વીમો પ્રદાન કરવાનો અને પરિવારની આવકની સુરક્ષામાં સુધારો કરવાનો હેતુ રહેલો છે. આ અભ્યાસમાં સરકારી યોજનાઓ દ્વારા અમલમાં મુકાયેલા સ્વસહાય જુથ કાર્યક્રમની મહિલાઓના આર્થિક અને સામાજિક વિકાસમાં શુ ભુમિકા રહી છે તેનો અભ્યાસ કરેલ છે. ધરમપુર તાલુકા હેઠળ 109 ગામો છે અને ધરમપુર તાલુકાના ગામડાઓમાં 27૦૦ થી વધુ સ્વસહાય જુથો ચાલી રહ્યા છે. જેમાં તિસકરી-તલાટ ગામની સ્વસહાય જુથની 40 મહિલાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. ગ્રામિણ મહિલાઓની બચત, રોજગારી અને આવકસર્જન, વગેરે ઉપર સ્વસહાય જુથોની હકારાત્મક અસર થયેલ જોવા મળે છે.

## પ્રસ્તાવના

અર્થતંત્રના સર્વાંગી વિકાસ માટે મહિલાઓનો આર્થિક - સામાજિક વિકાસ જરૂરી છે. આર્થિક વિકાસનો અર્થ માથાદીઠ આવકમાં થતી વૃદ્ધિ અને સરકારના ખર્ચમાં થતાં વધારાના દરમાંથી લેવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ વિકાસનો અર્થ નથી, પણ વિકાસ ભ્રમ છે. અર્થશાસ્ત્રની ભાષામાં કહીએ તો વિકાસ શબ્દ એક હકારાત્મક પરિવર્તન છે.તેમાં પ્રત્યેક પાસાઓ સંકળાયેલ છે. જેનો સંબંધ માત્ર લોકોના કલ્યાણ સાથે સંકળાયેલ છે. કોઈપણ અર્થતંત્રના વિકાસની વાત કરવામાં આવે તો આપણો હેતુ તેના બહુમુખી વિકાસ સાથે તથા તેની સાથે સબંધિત અન્ય ક્ષેત્રો અને વિવિધ વર્ગોનો વિકાસ કરવાનો હોય છે. મહિલાઓ પણ અર્થવ્યસ્થાની સાથે મહત્વપૂર્ણ રૂપથી જોડાયેલ છે. આથી મહિલાઓના વિકાસ અને તેમને પગભર બનાવ્યા સિવાય અર્થતંત્રના વિકાસની કલ્પના કરવી અધૂરી છે. મહિલાઓની કાર્યક્ષમતામાં સુધારો કરી તેઓ આર્થિક રીતે પગભર બનાવવુ એટલે આર્થિક વિકાસ કરવો.

## સ્વસહાય જૂથનો અર્થ:

એક જ શેરીમાં રહેવાવાળા અને સામાજિક આર્થિક સમસ્યાઓનો સામનો કરવાવાળા ૧૦ થી ૧૫ ગરીબ બહેનો એક ધ્યેયને પ્રાપ્ત કરવાના હેતુથી અમુક નિયમો રાખીને તેનુ પાલન કરવાની સાથે પોતાની રીતે જ ચલાવવાળી સંસ્થાને જૂથ (સમુહ) કહેવાય. આ જુથમાં જોડાયેલ મહિલા આર્થિક, સામાજિક અને રાજકીય પરિબળો સાથે સંકળાયેલ હોય છે. કોઇ પણ સમસ્યાનો સામનો સાથે મળીને

કરતા હોય છે. જુથને આર્થિક સહાય મળતા જુથમાં વિવિધ આર્થિક પ્રવ્રુતિઓ કરી મહિલાઓ આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકે છે. આવા સ્વસહાય જૂથમાં જોડાયેલ મહિલાઓની આવકનું સ્તર અને જીવનધોરણમાં સુધારો તેમજ સામાજિક વિકાસમાં કેટલા અંશે થયેલ છે તેનો અભ્યાસ કરવા માટે આ સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

## પુર્વે થયેલા સંશોધન અભ્યાસ:

**દવે એન.આર.** (2012)[i]

પ્રસ્તૃત મહાશોંધ નિબંધમાં તેઓએ બનાસકાઠા જિલ્લાના આર્થિક સામાજિક વિકાસમાં સ્વસહાય જુથનો ફાળો અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસના મુખ્ય હેતુઓ આ પ્રમાણે રહ્યા છે. જેમાં સ્વસહાય જુથની કામગીરી જાણવા તેના સભ્યોના સામાજિક-આર્થિક વિકાસમાં સ્વસહાય જુથની ભુમિકા સમજવી. આ અભ્યાસના તારણો આ પ્રમાણે કાઢી શકાય છે કે બનાસકાઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારની મહિલાઓના આર્થિક સામાજિક જીવનમાં ઘણો બદલાવ આવ્યો છે.

**નારાયણસ્વામી એન.** (2012)[ii]

પ્રસ્તૃત અભ્યાસ કર્ણાટક રાજ્યના કોલર જીલ્લામાં સ્વસહાય જૂથની આર્થિક- સામાજિક અસર જાણવા માટે વ્યક્તિગત અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસનો મુખ્ય હેતુ ગ્રામીણ મહિલાઓમાં સશક્તિકરણ તેમજ આર્થિક પ્રવૃતિ કરતી મહિલાઓની ભૂમિકા અને મહિલા સશક્તિકરણમાં આવતી અવરોધ પરિબળોનો અભ્યાસ કરવાનો રહ્યો છે.

Sundaram, A. (2012)[iii]

પ્રસ્તૃત અભ્યાસ ભારતના સામાજિક આર્થિક વિકાસમાં સ્વસહાય જૂથની અસરોનો અભ્યાસ કરવામાં આવેલ છે. આ લેખનો મુખ્ય ઉદ્દેશ સામાજિક આર્થિક ક્ષેત્રે સ્વસહાય જૂથની અસરને તપાસવાનો રહ્યો છે. અભ્યાસ દ્વારા તેઓ જણાવે છે કે મહિલાઓ અસરકારક રીતે પ્રત્યાયન કરવાની ક્ષમતામાં વધારો થયો છે. મહિલાઓના આત્મવિશ્વાસમાં વધારો થયો છે.

**શર્મા મનોજ કુમાર** (2013)[iv]

આ અભ્યાસ ગોલાઘાટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારની સ્રીઓના આર્થિક સ્થિતિને વિકસાવવામાં સ્વસહાયની ભૂમિકા કેવી છે, જૂથની પ્રવૃતિથી સતુષ્ટિનું સ્તર વગેરે તપાસવાના હેતુથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ વિસ્તાર પૂરગ્રસ્ત હોવાથી ખેતી સિવાય અન્ય પ્રવૃતિઓ વધુ

પ્રમાણમાં કરે અને આજીવિકા પ્રાપ્ત કરે છે. તેમની આ પ્રવૃતિ માટે ધિરાણ અને લોન મેળવવામાં સ્વસહાય જૂથની ભૂમિકા અગત્યની રહેલી છે.

**શર્મા મનોજ અને અન્સારી ઇખાલક** (2014)[v] "Socio-economic impact of SHG on tribal women"

આ અભ્યાસમાં ગુજરાતનાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં હાથ ધરવામાં આવ્યો હતો. તેમના અભ્યાસ અનુસાર ધરમપુર તાલુકામાં સ્વસહાય જુથની વ્યવસ્થા ન હતી ત્યારે ઊચા વ્યાજદરે ધિરાણ લેવું પડતું હતું એમાંથી સ્વસહાય જૂથમાં જોડાયા બાદ ગરીબ મહિલાઓને છૂટકારો મળ્યો છે. તેમજ સ્વસહાય જૂથના સહયોગથી ઓછા વ્યાજ દરે ધિરાણ મેળવી આર્થિક પ્રવૃતિઓ કરી શકે છે.

## સંશોધન પ્રશ્નની પસંદગી

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર વિસ્તારની આદિવાસી મહિલાઓના જીવનધોરણમાં, આવકના સ્તરમાં, બચત અને રોજગારી વગેરે અનેક પાસાઓમાં સ્વસહાય જૂથમાં જોડાયા પછી આવેલ પરિવર્તનોનો અભ્યાસ આ સંશોધન પેપરમાં કરવામાં આવ્યો છે. અંતરિયાળ વિસ્તારના ગામોની મહિલાઓને સખીમંડળ યોજના થકી થયેલ લાભોની માહિતી મેળવવી તેમજ તેમની મુશ્કેલીઓનો હલ કેટલા અંશે થઇ રહ્યો છે. એ અંગેનો અભ્યાસ અહી હાથ ધરવામાં આવ્યો છે.

## અભ્યાસનું મહત્વ

ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં અનેક સમસ્યા જોવા મળે છે. જેમાં ખાસ કરીને ગરીબી, બેકારી જેવી મુખ્ય સમસ્યાઓ જોવા મળે છે. આ સમસ્યાના નિવારણ માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને મહિલાઓના આર્થિક –સામાજિક વિકાસની સાથે તેઓ આર્થિક રીતે પગભર બનશે અને આર્થિક ઉપાર્જનમાં મહિલાઓનો ફાળો વધશે તો આવી સમસ્યાઓ હળવી કરી શકાશે. આ ઉપરાંત મહિલા તેમની નાની રકમની બચત એકઠી કરી સ્વસહાય જુથ રચે છે અને આર્થિક ઉપાર્જનની વિવિધ પ્રવૃતિઓ જુથ દ્વારા કરવામાં આવે છે. આમ, મહિલાઓ પોતાના કુટુંબની આવકમાં ફાળો આપે છે. આ સ્વસહાય જૂથની કામગીરી કયા પ્રકારની છે તેમજ જૂથને કયા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એ જાણવાના હેતુ સાથે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

## અભ્યાસ પદ્ધતિ:

આ અભ્યાસ ધરમપુર તાલુકાનાં તિસકરી-તલાટ ગામના સંદર્ભમાં કરવામાં આવેલ છે. આ ગામના સ્વસહાય જુથોમાથી 40 મહિલાઓને ઉત્તરદાતા તરીકે પસંદ પ્રાથમિક માહિતી પ્રશ્નાવલી દ્વારા એકત્ર કરવામાં આવી છે. પ્રાથમિક માહિતીના વિશ્લેષણ માક્રોસોફ્ટ એક્સેલ અને SPSS સૉફ્ટવેર દ્વારા કરવામાં આવેલ છે. તેમજ ગૌણ માહિતી વિવિધ લેખો, અખબારો અને સરકારી પોર્ટલ પર રજૂ થયેલ અહેવાલો, પુસ્તકો, સરકારી પ્રકાશનો, વાર્ષિક અને માસિક અહેવાલો વગેરે જેવા વિવિધ સ્ત્રોતોમાંથી માહિતી મેળવવામાં આવે છે.

## અભ્યાસના હેતુઓ

1) મહિલાઓના આર્થિક વિકાસમાં સ્વસહાય જૂથની ભુમિકા તપાસવી

2) અભ્યાસક્ષેત્ર હેઠળના જૂથની મહિલાઓની આર્થિક પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કરવી.

## માહિતીનુ વિશ્લેષણ

પ્રસ્તૃત અભ્યાસમાં મહિલાઓનાં આર્થિક વિકાસમાં સ્વસહાય જૂથોની ભૂમિકા શી છે તેમજ જુથમાં જોડાયા પહેલા અને જોડાયા પછી મહિલાઓના આવક, બચત, બચતનું સ્વરૂપ, આર્થિક પ્રવુતિઓ વગેરેમાં શું બદલાવ થયો છે તે અંગેનું આંકડાકીય માહિતી દ્વારા વિશ્લેષણ નીચે મુજબ કોષ્ટક અને ટકાવારી દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક- 1**

- **સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા અને પછી મહિલાઓના માસિક આવકનુ પ્રમાણ**

| વિગત(માસિક આવક) | સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા | | સ્વસહાય જૂથમાં જોડાયા પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| રૂ. 5000 થી ઓછી | 24 | 60 % | 6 | 15 % |
| રૂ.5000 થી રૂ.10000 | 10 | 25 % | 19 | 47.5 % |
| રૂ.10000 થી રૂ.15000 | 6 | 15 % | 12 | 30 % |
| રૂ.15000 થી વધુ | 0 | 0 % | 3 | 7.5 % |
| કુલ | 40 | 100% | 40 | 100 % |

(પ્રાપ્તિ સ્થાન : ક્ષેત્રિય કાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે)

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, મહિલાઓની સ્વસહાય જૂથમાં જોડાવા પહેલાની માસિક આવક રૂ. 5000 થી ઓછી હોય તેવી 60 % બહેનો છે. જ્યારે માસિક આવક રૂ. 5000 થી રૂ.10000 હોય તેવી મહિલાઓની સંખ્યા 10 છે જેની ટકાવારી 25 % છે. તેમજ આવક રૂ. 10000

થી રૂ.15000 હોય તેવી મહિલાઓની સંખ્યા 06 છે જેની ટકાવારી 15 % છે. અને રૂ.15000 થી વધુ માસિક આવક હોય તેવી મહિલા એકપણ નથી. આજ રીતે ઉપરોક્ત કોષ્ટકમાં મહિલાઓની સ્વસહાય જૂથમાં જોડાયા પછીની માસિક આવકના સ્તરમાં ફેરફાર થયેલ જોવા મળે છે. માસિક આવક રૂ. 5000 થી ઓછી હોય તેવી 15 % બહેનો છે. જ્યારે માસિક આવક રૂ. 5000 થી રૂ.10000 હોય તેવી મહિલાઓની સંખ્યા 19 છે જેની ટકાવારી 47.5 % છે. તેમજ આવક રૂ. 10000 થી રૂ.15000 હોય તેવી મહિલાઓની સંખ્યા 12 છે જેની ટકાવારી 30 % છે. અને રૂ.15000 થી વધુ માસિક આવક હોય તેવી મહિલાઓની સંખ્યા 3 છે જેની ટકાવારી 7.5 % છે

**કોષ્ટક- 2**

- **સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા અને પછી માસિક સરેરાશ બચતનુ પ્રમાણ**

| બચતની વિગત | સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા | | સ્વસહાય જૂથમાં જોડાયા પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| બચત કરતા નથી | 7 | 17.5 % | 0 | 0 % |
| રૂ.100 થી ઓછી | 23 | 57.5 % | 0 | 0 % |
| રૂ.100 થી રૂ. 300 | 4 | 10 % | 32 | 80 % |
| રૂ.300 થી રૂ.500 | 6 | 15 % | 8 | 20 % |
| રૂ.500 થી વધુ | 0 | 0 % | 0 | 0 % |
| કુલ | 40 | 100% | 40 | 100 % |
| (પ્રાપ્તિ સ્થાન : ક્ષેત્રિય કાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે) | | | | |

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા 17.5 % જેટલી મહિલાઓ બચત કરતી નહોતી. મહિલાઓની સ્વસહાય જૂથમાં જોડાવા પહેલાની માસિક બચત રૂ. 100 થી ઓછી હોય તેવી 57.5 % બહેનો છે. જ્યારે માસિક બચત રૂ. 100 થી રૂ.300 હોય તેવી મહિલાઓની સંખ્યા 4 છે જેની ટકાવારી 10 % છે. તેમજ બચત રૂ. 300 થી રૂ.500 હોય તેવી મહિલાઓની સંખ્યા 06 છે જેની ટકાવારી 15 % છે. અને રૂ.500 થી વધુ માસિક બચત કરતી હોય તેવી મહિલા એકપણ નથી. આજ રીતે ઉપરોક્ત કોષ્ટકમાં મહિલાઓની સ્વસહાય જૂથમાં જોડાયા પછીની માસિક બચતના સ્તરમાં ફેરફાર થયેલ જોવા મળે છે. જુથમાં જોડાયા બાદ બધી જ બહેનો બચત કરે છે. સ્વસહાય જૂથમાં જોડાવા પછીની માસિક બચત રૂ. 100 થી ઓછી હોય તેવી એકપણ બહેનો નથી. જ્યારે મોટા ભાગની મહિલાઓની માસિક બચત રૂ. 100 થી રૂ.300 હોય તેવી

મહિલાઓની સંખ્યા 32 છે જેની ટકાવારી 80 % છે. તેમજ બચત રૂ. 300 થી રૂ.500 હોય તેવી મહિલાઓની સંખ્યા 08 છે જેની ટકાવારી 20 % છે. અને રૂ.500 થી વધુ માસિક બચત હોય તેવી મહિલા એકપણ નથી.

**કોષ્ટક- 3**

- **સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા અને પછી સભ્યોની બચતના સ્વરૂપનુ પ્રમાણ**

| વિગત | સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા | | સ્વસહાય જૂથમાં જોડાયા પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| બેંકમાં | 6 | 15 % | 8 | 20 % |
| પોસ્ટ ઓફિસમાં | 5 | 12.5 % | 5 | 12.5 % |
| હાથમાં રોકડ સ્વરૂપે | 29 | 72.5 % | 3 | 7.5 % |
| સ્વસહાય જૂથમાં | 0 | 0 % | 24 | 60 % |
| કુલ | 40 | 100% | 40 | 100% |
| (પ્રાપ્તિ સ્થાન : ક્ષેત્રિય કાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે) | | | | |

ઉપરોકત કોષ્ટક સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા અને પછી મહિલા સભ્યોની બચતના સ્વરૂપનુ પ્રમાણ દર્શાવેલ છે. જેમાં જુથમાં જોડાવા પહેલા મહિલાની બચત હાથમાં રોકડ સ્વરૂપે રાખતા હતા. જે 72.5 % છે. સ્વસહાય જૂથમાં જોડાયા પછી 60 % મહિલાઓ સ્વસહાય જૂથમાં બચત કરે છે. 20 % મહિલાઓ બેંકમાં બચત કરે છે.

**કોષ્ટક- 4**

- **સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા અને પછી મહિલાઓની આર્થિક પ્રવૃત્તિઓની માહિતી**

| વિગત | સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા | | સ્વસહાય જૂથમાં જોડાયા પછી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા | સંખ્યા | ટકા |
| ખેતી અને પશુપાલન | 20 | 50 % | 16 | 40 % |
| છુટક મજૂરી | 7 | 17.5 % | 4 | 10 % |
| સ્વરોજગારી | 13 | 32.5 % | 14 | 35 % |
| નોકરી | 0 | 0 % | 6 | 15 % |
| અન્ય (નિર્દેશ કરો) | 0 | 0 % | 0 | 0 % |
| કુલ | 40 | 100% | 40 | 100% |

(પ્રાપ્તિ સ્થાન : ક્ષેત્રિય કાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે)

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, સ્વસહાય જૂથમાં જોડાવા પહેલા મોટાભાગની મહિલાઓ 50 % ખેતી અને પશુપાલનની પ્રવૃતિ સાથે જોડાયેલ જોવા મળેલ છે. 17.5 % જેટલી મહિલાઓ છુટક મજૂરી કામ કરતી હતી. 32.5 % જેટલી મહિલાઓની સ્વરોજગારી સાથે સંકળાયેલ હતી તેમજ નોકરીમાં કોઈપણ મહિલાઓ જોડાયેલ નથી. સ્વસહાય જૂથમાં જોડાયા પછીની તેમની આર્થિક પ્રવૃતિઓમાં ફેરફાર થયેલ જોવા મળે છે. અભ્યાસ હેઠળની મોટાભાગની 40 % મહિલાઓ ખેતી અને પશુપાલનની પ્રવૃતિ સાથે જોડાયેલ જોવા મળેલ છે. 10% જેટલી મહિલાઓ છુટક મજૂરી કામ કરતી હતી. 35 % જેટલી મહિલાઓની સ્વરોજગારી સાથે સંકળાયેલ હતી અને 15 % મહિલાઓ નોકરી કરે છે.

**કોષ્ટક- 5**

- **સ્વસહાય જૂથમાં જોડાયેલ મહિલાઓનુ શિક્ષણ અને જુથમાં જોડાવાનુ કારણ**

| **ક્રમ નં.** | **જુથમાં જોડાવાનુ કારણ** | પ્રાથમિક (ટકા) | માધ્યમિક (ટકા) | ઉચ્ચત્તર માધ્યમિક (ટકા) | સ્નાતક (ટકા) | અનુસ્નાતક (ટકા) | ટેકનીકલ (ટકા) | **કુલ (ટકા)** |
|---|---|---|---|---|---|---|---|---|
| 1. | બચત કરવા માટે | 0 (0.0%) | 4 (10%) | 5 (12.5%) | 8 (20%) | 3 (7.5%) | 0 (0.0%) | 20 (50%) |
| 2. | આકસ્મિક ધિરાણ | 1 (2.5%) | 2 (5.0%) | 0 (0.0%) | 3 (7.5%) | 0 (0.0%) | 0 (0.0%) | 6 (15%) |
| 3. | નાણાકિય લેવડ-દેવડ માંટે | 0 (0.0%) | 0 (0.0%) | 1 (2.5%) | 0 (0.0%) | 0 (0.0%) | 0 (0.0%) | 1 (2.5%) |
| 4. | આર્થિક રીતે પગભર થવા માટે | 0 (0.0%) | 1 (2.5%) | 8 (20%) | 4 (10%) | 0 (0.0%) | 0 (0.0%) | 13 (32.5 %) |
| 5. | કુલ | 1 (2.5%) | 7 (17.5%) | 14 (35%) | 15 (37.5%) | 3 (7.5%) | 0 (0.0%) | 40 (100%) |

(પ્રાપ્તિ સ્થાન : ક્ષેત્રિય કાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે)

ઉપરોકત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે, જુથની મહિલાઓ પૈકી 20% બહેનો બચત કરવા માટે જુથમાં જોડાયા છે. જયારે, 15% મહિલાઓ આકસ્મિક ધિરાણ મેળવવા માટે જુથમાં જોડાયા હતા. અને નાણાકિય લેવડ-દેવડ માંટે 2.5% મહિલાઓ જુથમાં જોડાયા હતા. 13% મહિલાઓ આર્થિક રીતે

પગભર થવા માટે જુથમાં જોડાયા હતા. પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ ઉત્તરદાતાની વિગતોમાં સામાન્ય રીતે એવું જોવા શકાય છે કે, શિક્ષણનું પ્રમાણ જેમ જેમ વધતું જાય છે તેમ તેમ બચત કરવા માટે અને આર્થિક રીતે પગભર થવા માટે જુથમાં મહિલાઓ વધુ પ્રમાણમાં જોડાયા હતા.

## તારણો

→ અભ્યાસક્ષેત્ર હેઠળના સ્વસહાય જૂથની મહિલાઓમાં મોટા ભાગની મહિલા અનુસુચિત જનજાતિની આદિવાસી મહિલાઓનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

→ ધરમપુર વિસ્તારના જૂથની મહિલાઓ પરંપરાગત વ્યવસાયની સાથે સાથે નોકરી પણ કરે છે જેમકે પશુસખી, બેન્ક સખી, વન સખી તરીકે ગામડાની અંદર જ રોજીરોટી મેળવતી થઇ છે.

→ જૂથમાં જોડાયા પહેલા 17.5 % જેટલી મહિલાઓ બચત કરતી નહોતી. જૂથમાં જોડાયા બાદ મોટા ભાગની મહિલાઓની માસિક સરેરાશ બચત રૂ. 100 થી રૂ.300 હોય તેવી મહિલાઓની સંખ્યા 32 છે જેની ટકાવારી 80 % છે.

→ અભ્યાસક્ષેત્ર હેઠળના સ્વસહાય જૂથની મહિલાઓમાં મોટા ભાગની મહિલાઓ આર્થિક પ્રવૃતિઓ કરે છે જેમાં તિસકરી-તલાટ ગામની મહિલા પ્લાસ્ટિક ફૂલોના હાર અને તોરણો બનાવવાની પ્રવુતી કરે છે તેમજ પશુપાલન અને શાકભાજીના વેચાણની આર્થિક પ્રવૃતિઓ કરી રહ્યા છે.

→ અભ્યાસક્ષેત્ર હેઠળના સ્વસહાય જૂથની મહિલાઓની આવકમાં જૂથમાં જોડાયા બાદ વધારો થયેલ જોવા મળે છે.

→ અભ્યાસક્ષેત્ર હેઠળની સ્વસહાય જૂથની મહિલાઓમાં 50% મહિલાઓ બચત કરવાના કારણથી જૂથમાં જોડાયા છે.

## સૂચનો

→ ધરમપુર વિસ્તારના અંતરિયાળ વિસ્તારમાં સ્વસહાય જુથની કામગીરી અને પ્રવૃતિઓ અંગે મહિલાઓમાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો કરવા જોઇએ

→ મોટા ભાગના સ્વસહાય જૂથો કાર્યરત નથી બંધ થઇ ગયા છે એવા જૂથોને ફરીથી સક્રિય કરવા માટે પંગલાઓ હાથ ધરવા જોઇએ.

## સમાપન

આમ, આ અભ્યાસ દ્વારા એ નિષ્કર્ષ પર આવીએ છીએ કે આપણે જોઇ શકીએ છીએ કે સ્વસહાય જૂથ મહિલાઓની આર્થિક અને સામાજિક સ્થિતિના વિકાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમજ આ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું છે કે સ્ત્રીઓએ માત્ર તેમના પોતાના જીવનની સ્થિતિ

જ નહીં, પરંતુ તેમના પારિવારિક જીવનની સ્થિતિમાં પણ સુધારો કર્યો છે. બચતની ટેવ ભવિષ્યમાં તેમની ઉચ્ચ જીવનશૈલી બનાવવામાં મદદરૂપ બને છે. ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં ઓછા મૂડીરોકાણ સાથે આર્થિક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે જે શક્ય બન્યું છે સૂક્ષ્મ ધિરાણ અને સ્વસહાય જુથની નાની નાની રકમ એકઠી કરવાથી. આમ, ધરમપુર વિસ્તારમાં મહિલાઓના આર્થિક વિકાસમાં સ્વસહાય જૂથની ભૂમિકા અગંત્યની રહેલ જોવા મળે છે.

## સંદર્ભસુચિ

[i] દવે એન.આર. (2012). સ્વસહાય જૂથોનો તેના સભ્યોના આર્થિક-સામાજિક વિકાસમાં ફાળો (બનાસકાંઠા જિલ્લાના સંદર્ભે), મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

[ii] Narayanaswamy, N. T. (2012) "Impact of self-help groups on socio economic life of women a case study of Kolar District", Department of Rural Development Studies Bangalore University, Bangalore

[iii] Sundaram, A. (2012). Impact of self-help group in socio-economic development of India. *IOSR Journal of Humanities and Social Science*, *5*(1), 20-27.

[iv] Sarma, M. K. (2013). Study on Socio-economic Condition of Self-Help Group Members in Golaghat District of Assam. *International Journal of Innovative Research and Development (ISSN 2278–0211)*, *2*(4), 186-195.

[v] Sharma, M., & Ansari, E. K. H. A. L. A. K. (2014). Socio-economic impact of SHG on tribal women. *International Journal of Research in Applied, Natural and Social Sciences*, *2*(6), 143-148.